**(પરિપત્રનો અભ્યાસ કર્યા બાદ જ પરિણામનું વિતરણ કરવું)**

**પરિપત્ર**

**વિજ્ઞાન પ્રવાહ**

ક્રમાંક : મઉમશબ/ક/વિ.પ્ર./પરિણામ/મુખ્ય પરીક્ષા-2025
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10-બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર
તારીખ : 05/05/2025

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ)
ગુજરાત રાજ્ય (તમામ)

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા-2025 ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહ તથા GUJCET 2025ના પરિણામ બાદની કાર્યવાહી અને માર્ગદર્શન અંગે**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુ./માર્ચ-2025માં લેવાયેલ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પરિણામ સાથે વાલી/વિદ્યાર્થી અને શાળાઓને માર્ગદર્શન માટે જરૂરી સૂચના આ પરિપત્રથી મોકલી આપવામાં આવે છે. **જેનો શાળાના આચાર્યશ્રીએ પૂરતો અભ્યાસ કરી કાર્યવાહી કરવાની રહેશે.**

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ઑનલાઇન મૂકવામાં આવેલ છે. આપની શાળાના તમામ ઉમેદવારોના ગુણપત્રક અને ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોના પ્રમાણપત્ર તથા એસ.આર. અલગથી મોકલી આપવામાં આવશે. ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુ./માર્ચ-2025 વિજ્ઞાન પ્રવાહના ગુણ ચકાસણી, ઉત્તરવહી અવલોકન, દફતર ચકાસણી, નામ સુધારા માટેના અને AB ગૃપના ઉમેદવારોના A કે B ગૃપનો વિકલ્પ આપવાના તથા ઉત્તીર્ણ ઉમેદવારોને પરિણામ રદ કરાવી આગામી મુખ્ય પરીક્ષામાં પુનઃ ઉપસ્થિત થવા માટેની અરજીના નમૂના આ પરિપત્ર સાથે સામેલ છે અને પરિપત્ર બૉર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. પરિણામ બાદ ગુણચકાસણી, અવલોકન, OMRની ઝેરોક્ષ મેળવવા માટેની અરજીઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઉપર ઓનલાઈન માધ્યમે કરવાની રહેશે. જેની વિગતવાર સૂચનાઓ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

- **સૂચનાઓ :**

A. **વેરિફીકેશન :** ઉમેદવારના ગુણપત્રક શાળાને મળે ત્યારે તેનું SR (School Record) સાથે વેરિફીકેશન કર્યા બાદ જ તેનું વિતરણ કરવું.

B. **નામ-સુધારો (પરિશિષ્ટ-7)** : આચાર્યશ્રીએ વાલી/વિદ્યાર્થીને ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ (અંગ્રેજી સ્પેલિંગ) ચકાસી લેવા ખાસ જણાવવું અને નામમાં સુધારો કરાવવો જરૂરી હોય તો નામ સુધારો કરવા માટે નિયત સમય-મર્યાદામાં અરજી કરવા જણાવવું. ધોરણ 10 (S.S.C.E.)ની માર્કશીટ **અથવા** L.C. મુજબ વિદ્યાર્થીના નામમાં કોઈ સુધારો કરવો જરૂરી હોય તો આધાર પુરાવા સાથે નિયત અરજીપત્રકમાં નિયત સમય-મર્યાદામાં અરજી કરવા વિદ્યાર્થીને માર્ગદર્શન આપશો. સમય-મર્યાદામાં (પરિણામ જાહેર થયાના ત્રણ માસમાં) મળેલ નામ સુધારા અરજી માટેના ઉમેદવારને જ બોર્ડ દ્વારા સુધારા સાથેનું મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર વિનામૂલ્યે આપવામાં આવે છે.

C. **મેળવેલ ગુણ-તૂટ ન સ્વીકારવા બાબત (પરિશિષ્ટ-5) :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 40(4) અન્વયે : કૃપા-ગુણ (ગુણ-તૂટ ક્ષમ્યતા)થી પાસ થયેલ ઉમેદવાર જો ઇચ્છે તો કૃપા-ગુણ રદ કરવાની અરજી પરિણામ પ્રસિદ્ધ થયાના **30 દિવસ સુધીમાં** જ બોર્ડની કચેરીને શાળા મારફતે ''ક'' શાખાને મોકલી શકશે અને બોર્ડ દ્વારા કૃપા-ગુણ (ગુણ-તૂટ ક્ષમ્યતા) રદ કરી અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. સમય-મર્યાદા બહાર મળેલ અરજી પર કોઈ પણ સંજોગોમાં કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

D. **ગુણ ચકાસણી અને ઉત્તરવહી અવલોકન : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 45 અન્વયે :**

- ગુણ ચકાસણી એટલે ઉત્તરવહીઓની વિષય શિક્ષકો પાસે ચકાસણી કરાવી વિદ્યાર્થીને બોર્ડ દ્વારા ફક્ત પ્રત્યુત્તર પાઠવવાની પ્રક્રિયા. ગુણ ચકાસણી તમામ વિષયોમાં કરવામાં આવે છે.
- ઉત્તરવહી અવલોકન એટલે : મુખ્ય 4(ચાર) વિષયોની ઉત્તરવહીઓ વિષય શિક્ષકો પાસે ચકાસણી કરાવી બોર્ડ દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ ઉમેદવારને રૂબરૂમાં પોતાની ઉત્તરવહીનું નિરીક્ષણ કરવાની પ્રક્રિયા. ઉત્તરવહી અવલોકન 4(ચાર) વિષયનું કરી શકાશેઃ ગણિત (050), રસાયણવિજ્ઞાન (052), ભૌતિકવિજ્ઞાન (054), જીવવિજ્ઞાન (056).
- OMR ઝેરોક્ષ અને વેરિફીકેશન એટલે મુખ્ય ચાર વિષયોની વિદ્યાર્થી દ્વારા લખેલી OMRની ઝેરોક્ષ કોપી અને વિદ્યાર્થીએ OMRમાં આપેલ પ્રત્યુત્તર અને બોર્ડ દ્વારા તૈયાર કરેલ આન્સર-કી સાથે વેરિફીકેશન રીપોર્ટ આપવાની પ્રક્રિયા. OMRની ઝેરોક્ષ 4(ચાર) વિષયની મળી શકે છે : ગણિત (050), રસાયણવિજ્ઞાન (052), ભૌતિકવિજ્ઞાન (054), જીવવિજ્ઞાન (056).
- ધોરણ 12માં ગણિત (050), રસાયણવિજ્ઞાન (052), ભૌતિકવિજ્ઞાન (054), જીવવિજ્ઞાન (056) આ ચાર વિષયનું **અવલોકન અથવા ગુણચકાસણી બંને પૈકી કોઈપણ એક જ થઈ શકશે.**
- ઉત્તરવહી અવલોકન માટે સ્થળ, તારીખ અને સમયની વિગતો બોર્ડની વેબસાઈટ www.gseb.org ઉપર મૂકવામાં આવશે. તે મુજબ ઉત્તરવહી અવલોકન માટે બોર્ડ જણાવે તે સ્થળે સ્વખર્ચે હાજર થવાનું રહેશે.
- વિજ્ઞાન પ્રવાહમાં અવલોકન, ગુણ ચકાસણી, મુખ્ય(4) વિષયોની OMRની ઝેરોક્ષ મેળવવા માટેની અરજી ફક્ત બોર્ડની વેબસાઈટ www.gseb.org પર ઓનલાઈન માધ્યમે જ સ્વીકારવામાં આવશે. તે અંગેની નિયત ફી ઉક્ત વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઓનલાઈન અથવા ઓફલાઈન ભરી શકાશે. ગુણચકાસણી, ઉત્તરવહી અવલોકન કે OMR વેરિફિકેશન માટેનું અરજીપત્રક કે જરૂરી આધારો ટપાલ કે રૂબરૂમાં પ્રત્યક્ષ રીતે બોર્ડને મોકલવાના નથી.

E. **દફતર ચકાસણી (પરિશિષ્ટ-૩) :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ-52ની જોગવાઈ મુજબ દફતર ચકાસણી કરાવવા ઇચ્છતા ઉમેદવારે નિયત અરજીપત્રકમાં આધારો સાથે પરિણામ પ્રસિદ્ધ થયાના **બે અઠવાડિયા** સુધીમાં બોર્ડની કચેરીને અરજી (નિઃશુલ્ક) મોકલી આપવાની રહેશે.

F. **પૂરક પરીક્ષા-2025 (Best of Two) બાબત :** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુ./માર્ચ-2025ના વિજ્ઞાન પ્રવાહમાં પૂરક પરીક્ષા આપવા ઇચ્છતા ઉમેદવારો 2025ની પૂરક પરીક્ષા માટે શાળા મારફતે બોર્ડની વેબસાઈટ www.gseb.org પર ઓનલાઈન અરજી (રજિસ્ટ્રેશન) કરી શકશે અને તેની ફી ભરી શકશે. **પૂરક પરીક્ષાની ફી માર્ચની મુખ્ય પરીક્ષા મુજબ ભરવાની રહેશે.** એકથી ત્રણ વિષય સુધી વિષયવાર નિયત ફી અને ત્રણથી વધુ વિષય માટે સંપૂર્ણ પરીક્ષા ફી ભરવાની રહેશે. પ્રાયોગિક વિષયો માટે વિષયવાર નિયત પરીક્ષા ફી ભરવાની રહેશે. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે તેથી કન્યાઓ અને દિવ્યાંગ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઓનલાઈન આવેદન (રજિસ્ટ્રેશન) કરી 0(શૂન્ય) ફી દર્શાવતું ચલણ Receipt ડાઉનલોડ કરી પરીક્ષા માટેના આધાર તરીકે સાચવી રાખવું ફરજિયાત છે. **રજિસ્ટ્રેશન કર્યા સિવાયના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહી જેની ખાસ નોંધ લેવી.**

- **પૂરક પરીક્ષા-2025 (Best of Two) માટેના પેટા નિયમો**

શિક્ષણ વિભાગના તા. 10-10-2024ના ઠરાવ ક્રમાંકઃમશબ/1210/1799/છ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-2005ના વિનિયમ ક્રમાંક-16 (1) માં સુધારો કરવામાં આવેલ છે. સદર વિનિયમ હેઠળ થયેલ સુધારા અન્વયે પૂરક પરીક્ષા સંદર્ભે જરૂરી વિસ્તૃત નિયમો બોર્ડના તા. 29-11-2024ના પત્રક્રમાંક : મઉમશબ/ક/4531થી જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ...

(1) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ ફેબ્રુઆરી-માર્ચ 2025ની મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવાર જ પૂરક-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

(2) મુખ્ય પરીક્ષા-2025માં નોંધાયેલ તમામ ઉત્તીર્ણ, અનુત્તીર્ણ કે ગેરહાજર ઉમેદવાર સૈદ્ધાંતિક તેમજ બોર્ડ દ્વારા લેવાયેલ પ્રાયોગિક વિષયો પૈકી કોઈ એક વિષય અથવા એકથી વધુ વિષય અથવા તમામ વિષયોમાં પૂરક-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

(3) મુખ્ય પરીક્ષા-2025માં નોંધાયેલ તમામ ઉમેદવાર જે વિષય કે વિષયોમાં (સૈદ્ધાંતિક/પ્રાયોગિક) ઉત્તીર્ણ, અનુત્તીર્ણ કે ગેરહાજર રહેલ હશે તે તમામ વિષય કે વિષયોમાં પૂરક-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

(4) પૂરક-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર તમામ ઉમેદવારને મુખ્ય પરીક્ષા-2025 અને પૂરક-2025ની પરીક્ષા પૈકી જે પરીક્ષામાં વિષયવાર (બોર્ડ દ્વારા લેવાયેલ પ્રાયોગિક વિષયો સહિત) મહત્તમ ગુણ મેળવલે હશે તે ગુણને ગણતરીમાં લઈ વિષયવાર અંતિમ ગુણ આપવામાં આવશે.

(5) વધુ સ્પષ્ટતા માટે આ સાથે સામેલ પત્ર ક્રમાંકઃમઉમશબ/ક/4531 તા. 29-11-2024ને ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

G. **ઉત્તીર્ણ ઉમેદવાર પોતાનું પરિણામ રદ કરી આગામી પરીક્ષામાં પુનઃઉપસ્થિત થવા અંગે :** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુ./માર્ચ-2025માં ઉત્તીર્ણ ઉમેદવાર તેઓએ મેળવેલ પરિણામની સિદ્ધિ સુધારવા ઈચ્છતા હોય તો ફેબ્રુ./માર્ચ, 2025નું પરિણામ જમાં કરાવીને આગામી મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આ માટે ઉમેદવાર નીચેની શરતો ધ્યાને લઈ પરિણામ રદ કરાવી શકશે :

(1) ફેબ્રુ./માર્ચ-2025નું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર પરત કરવાનું રહેશે.

(2) ફેબ્રુ./માર્ચ-2025ના વિષયો સાથે જ આગામી મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. વિષય બદલી શકાશે નહીં.

(3) ફેબ્રુ./માર્ચ-2025ના પરિણામના આધારે કોઈ વિષયની પરીક્ષામાં મુક્તિ માટે દાવો કરી શકાશે નહીં.

(4) શાળામાં પુનઃ પ્રવેશ મેળવી શકાશે નહીં.

(5) ધોરણ 12ના શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી અને બોર્ડ પરિણામ રદ કરવાની, દરખાસ્ત માન્ય રાખે અને લેખિત પ્રત્યુત્તર આપે ત્યારે શાળા છોડ્યાના પ્રમાણપત્ર અને જનરલ રજિસ્ટરમાં રીમાર્કના ખાનામાં ‘ફેબ્રુ./માર્ચ-2025નું મેળવેલ પરિણામ પુનઃ ઉપસ્થિત થવાથી રદ’ એવો ઉલ્લેખ અવશ્ય કરવાનો રહેશે.

**(6) પરિણામ સુધારવા માટે મુખ્ય પરીક્ષા - 2026ની પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોએ પરિણામ જાહેર થયાના 120 દિવસના સમયગાળામાં પરિશિષ્ટ-4 મુજબના નિયત નમૂનામાં જરૂરી આધારો સહિતની અરજી વિજ્ઞાન પ્રવાહ માટે બૉર્ડની ‘ક’ શાખામાં રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.**

(7) આવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા-2026 માટેનું આવેદનપત્ર પરિણામ જમા કરાવતી વખતે નિયત નમૂનામાં ભરવાનું રહેશે. મુખ્ય પરીક્ષા-2026ની પરીક્ષાના પરિણામ બાદ બોર્ડ દ્વારા અલગથી નવું ગુણપત્રક આપવામાં આવશે. જે પરિણામ ઉમેદવારે માન્ય રાખવાનું રહેશે. અગાઉના વર્ષનું પરિણામ કોઈપણ સંજોગોમાં માન્ય રહેશે નહીં.

(8) પરિણામ સાથે Higher Education માટે સ્કોલરશીપ મેળવવાપાત્ર બને છે તેવા ઉમેદવારોના “Advisory Note to the Candidate Eligibility in Scholarship for Higher Education (SHE) Component Under Inspire Scheme”નું યોગ્યતા પ્રમાણપત્ર મોકલી આપવામાં આવે છે. તેને જે તે ઉમેદવારોને આપવા જણાવવામાં આવે છે. સદર સ્કોલરશીપ જે ઉમેદવારો બી.એસસી. ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણ કે જીવવિજ્ઞાન વગેરેમાં ભારતની કોઈપણ યુનિવર્સિટીમાં (યુ.જી.સી. માન્ય) ભણવા માગતા હોય તેઓએ સાયન્સ અને ટેક્નોલૉજી વિભાગમાં અરજી કર્યેથી મળવાપાત્ર થશે. આ અંગે વધુ વિગતો સર્ટિફિકેટમાં દર્શાવેલ વેબસાઈટ પરથી મેળવી શકાશે. આ અંગેની જાણકારી વિદ્યાર્થી/વાલીને આપવાની રહેશે. (ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષાના કુલ ઉમેદવારો પૈકીના પ્રથમ 1% ઉમેદવારો માટે)

H. (1) મુખ્ય પરીક્ષા ફેબ્રુ/માર્ચ-2025માં જે તે વિષયમાં ઉપસ્થિત થયેલ પૃથક્ ઉમેદવાર **જે વિષયમાં 33% થી ઓછા ગુણ મેળવેલ હશે (અનુત્તીર્ણ)** કે ગેરહાજર હશે તે વિષયની પૂરક-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. જેઓનું આવેદનપત્ર શાળા મારફતે ONLINE સ્વીકારવામાં આવશે. **જે તે વિષયમાં 33% કે તેથી વધુ ગુણ મેળવેલ (ઉત્તીર્ણ)** પૃથક્ ઉમેદવાર પૂરક-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહિ.

(2) મુખ્ય પરીક્ષા ફેબ્રુ/માર્ચ-2025માં ઉપસ્થિત “B” ગ્રૂપના ઉત્તીર્ણ ઉમેદવાર ઈચ્છે તો પૂરક-2025ની પરીક્ષામાં ‘‘ગણિત (050)’’ વિષયની પરીક્ષામાં પૃથક્ ઉમેદવાર તરીકે ઉપસ્થિત રહી શકશે. તેઓનું ઓફલાઈન આવેદનપત્ર શાળા મારફતે જરૂરી આધારો સાથે બોર્ડ ખાતેની વિજ્ઞાન પ્રવાહની ‘‘ક’’ શાખામાં સ્વીકારવામાં આવશે. આવેદનપત્રનો નમૂનો બોર્ડની વેબસાઈટ પર મૂકેલ છે. આવેદનપત્ર સાથે નીચેના આધારો રજૂ આવેદનપત્ર ભરવાની નિયત સમયમર્યાદામાં કરવાના રહેશે :

– શાળા દ્વારા ભરેલ નિયત નમૂનાનું ફોર્મ

– ધોરણ-10 માર્કશીટની નકલ

– ધોરણ-12 માર્કશીટ/સર્ટિફિકેટની નકલ

– આધારકાર્ડની નકલ/ધોરણ-12 હૉલટિકિટની નકલ

– LCની નકલ

(3) મુખ્ય પરીક્ષા ફેબ્રુ/માર્ચ-2025માં નોંધાયેલ અને શાળા કક્ષાની કમ્પ્યૂટર પ્રાયોગિક (332) વિષયમાં અનુત્તીર્ણ/ગેરહાજર રહેલ વિદ્યાર્થીની શાળા કક્ષાએ પૂરક-2025 પરીક્ષા તા. 10-06-2025 થી તા. 14-06-2025 સુધીમાં લઈ તેના ગુણ શાળાના લેટરહેડ પર વિગતસહ તૈયાર કરી શાળા મારફતે બોર્ડની "ક" શાખામાં રૂબરૂમાં તા.17-06-2025 સુધીમાં જમા કરાવવાના રહેશે.

I. **યોગ્યતા (એલિજિબિલિટી) પ્રમાણપત્ર મેળવવા બાબત/માર્કશીટ-L.C.ની ખરાઈ કરવા અંગે :** ધોરણ 11 કે 12માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માર્કશીટ/L.C.ની જે તે બોર્ડ/સંસ્થા/શાળાની ખરાઈ કરવાની અને તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણાધિકારી તરફથી ઇસ્યુ થતા સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહી આચાર્યશ્રીએ વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે કરી લેવાની હોય છે. એસ.એસ.સી. (ધોરણ 10) કે ધોરણ 11ના પાસ કર્યાના આધારે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના કિસ્સામાં તેઓની માર્કશીટ/L.C.ની ખરાઈ કરાવી કે સમકક્ષતા પ્રમાણપત્ર મેળવીને જ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ ફેબ્રુ./માર્ચ-2025નું ગુણપત્રક-પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ અંગેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

J. **Differently abled ઉમેદવારો માટે :**

Differently abled ઉમેદવારોને 20% ગુણથી પાસ કરવાના ધોરણનો વિશેષ લાભ મેળવવા માટે મળેલ રજૂઆતો પૈકી જે ઉમેદવારોએ આ અંગે પૂરતા આધારો સાથે રજૂઆત કરેલ છે તેઓને લાભ આપવામાં આવેલ છે. આવા "Differently Abled" ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્ર તેઓને આપતા પહેલા ઉમેદવારના Differenlty abled હોવાના અસલ પ્રમાણપત્રની ચકાસણી આચાર્યશ્રીએ કરી લેવાની રહેશે.

Differently abled અંગેના પ્રમાણપત્ર-આધાર પુરાવાની ખાતરી કર્યા સિવાય કોઈપણ Differently abled ઉમેદવારને ગુણપત્રક/પ્રમાણપત્ર આપવું નહીં, જેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

જો કોઈ ઉમેદવારને બોર્ડ દ્વારા Differently abledનો વિશેષ લાભ આપવામાં આવેલ હોય પરંતુ તેના Differently abled અંગેના સિવિલ સર્જન/આર.એમ.ઓ.ના પ્રમાણપત્ર બાબતે સંશય કે શંકા હોય તો તેવા ઉમેદવારોના ગુણપત્રક/ પ્રમાણપત્ર બોર્ડને પરત કરવા. (ઉમેદવારને આપવા નહીં.)

K. **AB ગૃપના ઉમેદવારને A અથવા B ગૃપના આધારે પરિણામ મેળવવાનો વિકલ્પ આપવા અંગે :** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુ./માર્ચ-2025માં AB ગૃપ પૈકીના ઉમેદવારો ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન સહિત અન્ય વિષયોમાં ઉત્તીર્ણ હોય પરંતુ ગણિત (050) અથવા જીવવિજ્ઞાન (056) વિષયમાં અનુત્તીર્ણ થાય તો તેની પસંદગી મુજબના વિષયનો વિકલ્પ (A અથવા B ગૃપ) આપી પરિણામ મેળવી શકશે. આ સાથે આપેલ નમૂના મુજબની અરજી પત્રક (પરિશિષ્ટ-6)માં પરિણામ પ્રસિદ્ધ થયાના **ત્રીસ દિવસ**માં સુધીમાં બોર્ડની કચેરીને મળી જાય તે રીતે વિદ્યાર્થીએ અસલ માર્કશીટ સાથે, સંબંધિત શાળાના આચાર્યના સહી-સિક્કા સાથે મોકલી આપવાની રહેશે. એકવાર વિકલ્પ આપ્યા પછી તેમાં કોઈ ફેરફાર થઈ શકશે નહીં. (પરિશિષ્ટ-6)

L. **વિજ્ઞાન પ્રવાહમાં અનુત્તીર્ણ ઉમેદવારને સામાન્ય પ્રવાહમાં નિયમિત/ખાનગી ઉમેદવાર તરીકે પાત્રતા :**

ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા, વિજ્ઞાન પ્રવાહમાં નાપાસ થનાર ઉમેદવાર મુખ્ય પરીક્ષા 2026માં લેવાનાર ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા માટે પ્રવાહ ફેરફાર કરી સામાન્ય પ્રવાહની ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષામાં ફોર્મ ભરી નિયમિત / ખાનગી ઉમેદવાર તરીકે ઉંમરની બાધને ધ્યાનમાં લીધા સિવાય પરીક્ષા આપી શકે છે. આ બાબત અંગે વાલી/વિદ્યાર્થીને સમજ આપશો. જે અંગે આચાર્યશ્રીએ ઉમેદવારોને માર્ગદર્શન આપવું.

- **GUJCET 2025ના પરિણામ અંગે અગત્યની સૂચના :**

GUJCET 2025ની માર્કશીટનું વિતરણ તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક કરવાનું રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવારનું ગુણપત્રક ન મળ્યું હોય તો દિન બે(02)માં શાળાના લેટરપેડ પર દરખાસ્ત તૈયાર કરી બૉર્ડની કચેરીની 'ક' શાખામાં રૂબરૂ જમા કરાવવાથી ગુણપત્રક મેળવી શકાશે.

ગુણપત્રકમાં નામ/અટક વગેરેમાં સુધારો કરવા GUJCET પરિશિષ્ટ-5 મુજબ બૉર્ડ કક્ષાએ પરિણામ પ્રસિદ્ધ થયાના પંદર દિવસમાં (15)માં અરજી કરવાની રહેશે. પરિશિષ્ટ-5 બોર્ડની વેબસાઈટ પર મૂકેલ છે. પરિણામ બાદ GUJCET પરીક્ષાની OMRની નકલ મેળવવાની અરજી નિયત ફી સાથે બૉર્ડની વેબસાઈટ www.gseb.org પરથી ઓનલાઈન કરવાની રહેશે જેની વિગતવાર સૂચનાઓ બૉર્ડની વેબસાઈટ પરથી પ્રસિદ્ધ કરવામાં આવશે.

# અરજી સંદર્ભે માહિતી દર્શાવતું પત્રક

| અનુ. | વિગત | અરજી કરવાની પદ્ધતિ | ફી | અરજી સ્વીકારવાની અંતિમ તારીખ |
|---|---|---|---|---|
| 1. | ગુણ ચકાસણી | ઓનલાઈન | રૂ. 100/- (ઉત્તરવહી દીઠ) (PART-B) તમામ વિષયો | પરિણામ જાહેર થયા બાદ સૂચનાઓ ઓનલાઈન મૂકાશે |
| 2. | ઉત્તરવહી અવલોકન | ઓનલાઈન | રૂ. 300/- (ઉત્તરવહી દીઠ) (PART-B) મુખ્ય 4 વિષયો | પરિણામ જાહેર થયા બાદ સૂચનાઓ ઓનલાઈન મૂકાશે. |
| 3. | OMR ઝેરોક્ષ અને વેરિફિકેશન રિપોર્ટ | ઓનલાઈન | રૂ. 100/- (OMR દીઠ) (PART-A) મુખ્ય 4 વિષયો | પરિણામ જાહેર થયા બાદ સૂચનાઓ ઓનલાઈન મૂકાશે |
| 4, | દફ્તર ચકાસણી | પરિશિષ્ટ-3 ઓફલાઈન | – | પરિણામ પ્રસિદ્ધ થયાના બે અઠવાડિયા સુધી |
| 5. | નામ/અટકમાં સુધારો | પરિશિષ્ટ-7 પરિશિષ્ટ-7A ઓફલાઈન | – | પરિણામ જાહેર થયાના ત્રણ માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી. અસલ ગુણપત્રક, પ્રમાણપત્ર આપવામાં આવશે. ત્યાર બાદ અરજી બોર્ડ ખાતેના વિદ્યાર્થી સેવા કેન્દ્રમાં નિયત ફી અને ફોર્મ સાથે સ્વીકારવામાં આવશે અને ડુપ્લીકેટ ગુણપત્રક/પ્રમાણપત્ર મળશે. |
| 6. | ગુણ-તૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક | પરિશિષ્ટ-5 ઓફલાઈન | – | પરિણામ પ્રસિદ્ધ થયાના 30 દિવસ સુધી |
| 7. | AB ગ્રૂપમાંથી A કે B ગ્રૂપમાં ફેરફાર કરી પરિણામ મેળવવા અંગે | પરિશિષ્ટ-6 ઓફલાઈન | | પરિણામ પ્રસિદ્ધ થયાના ત્રીસ દિવસ સુધી |
| **8.** | ઉત્તીર્ણ ઉમેદવાર દ્વારા પરિણામ જમા કરાવી પુનઃ ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારો માટેનું અરજીપત્રક | પરિશિષ્ટ-4 ઓફલાઈન | નિયત પરીક્ષા ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ | માર્ચ-2025માં પુનઃ ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોએ પરિણામ જાહેર થયા બાદ 120 દિવસમાં અરજી કરી બોર્ડની કચેરીએ રૂબરૂમાં જમા કરાવવાની રહેશે. |

**નોંધ : શાળાના આચાર્યશ્રીએ ઉપરોક્ત બાબતે તમામ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સમજ આપી નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તેની કાળજી રાખવી.**

**(જે. એચ. ઝા)**
નાયબ નિયામક (વિ. પ્ર.)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**નકલ રવાના :**
પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, (તમામ)ને
જાણ અને શાળાઓને જાણ કરવા સારું.

| વિજ્ઞાન પ્રવાહ | |
|---|---|
| દરખાસ્ત નંબર | |
| | |

# પરિશિષ્ટ-3

## દફતર ચકાસણીનું અરજીપત્રક

**જે તે વિષયની પરીક્ષા આપી હોવા છતાં ગેરહાજર અથવા જે વિષયમાં બેઠા હોય તેને બદલે અન્ય વિષયમાં ગુણ દર્શાવ્યા હોય ત્યારે જ આ પત્રકમાં અરજી કરવી.**

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 52 અન્વયે (અરજી પરિણામ જાહેર થયાની તારીખથી બે અઠવાડિયા સુધી (નિઃશુલ્ક) બોર્ડની કચેરીએ સ્વીકારવામાં આવશે.)**

પ્રતિ,
નાયબ નિયામકશ્રી (પરીક્ષા),
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર નં. 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

સ્થળ : ____________________

તારીખ : / /2025

**વિષય : ફેબ્રુ./માર્ચ - 2025ની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં દફતર ચકાસણી કરવા બાબત.**

**મે. સાહેબ,**

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુ./માર્ચ - 2025માં કેન્દ્ર ____________________ નંબર B ____________________થી આપી હતી. તેમાં નીચે જણાવેલા વિષયોમાં મને ગેરહાજર દર્શાવવામાં આવ્યો છે, જ્યારે તે વિષયોની મેં ખરેખર પરીક્ષા આપી છે. આ બાબતે યોગ્ય તપાસ કરવા વિનંતી છે.

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ____________________
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ____________________
____________________
____________________ (PIN CODE સહિત) મોબાઈલ નંબર : ____________________
3. બેઠક નં. : B ____________________ **SCHOOL INDEX NO. :** ____________________
4. કેન્દ્રનું નામ અને કેન્દ્ર નંબર : ____________________ **SID NO. :** ____________________
5. જે વિષયોમાં પરીક્ષામાં હાજર હોવા છતાં ગેરહાજર બતાવવામાં આવ્યા હોય તે વિષયો :

| ક્રમ નંબર | વિષયનું નામ | જવાબની ભાષા | બ્લોક નંબર | શાળાની પૂર્વ-પરીક્ષામાં પ્રાપ્ત ગુણ | પ્રવેશિકા (ફી-રસીદ)માં દર્શાવેલ જવાબવહી નંબર |
|---|---|---|---|---|---|
| 1. | | | | | |
| 2. | | | | | |
| 3. | | | | | |
| 4. | | | | | |
| 5. | | | | | |

6. ઉમેદવારને પોતાના નિયત બ્લોક સિવાય અન્ય બ્લોકમાં બેસાડવામાં આવ્યા હોય, તો તે શાળાનું નામ અને બ્લોક નંબર ____________________

---

**દફતર ચકાસણી બાબત રજૂ કરેલ દરખાસ્તની સ્વીકાર પહોંચ**
(અરજદારે જ ભરવી, દરખાસ્ત નંબર સિવાય)

દરખાસ્ત નંબર [ ]

શ્રી ____________________ બેઠક નંબર B [ ][ ][ ][ ][ ][ ][ ]

ની ફેબ્રુ./માર્ચ-2025ની H.S.C. પરીક્ષાના વિષય કોડ : [ ][ ][ ][ ][ ][ ][ ] ના દફતર ચકાસણી બાબતની અરજી મળ્યા બદલ આ પાવતી આપવામાં આવે છે.

સ્થળ :
તારીખ : / /2025

**(નોંધ : સરનામું વિગતવાર લખવું)**

**અરજી સ્વીકારનારની સહી અને શાળા/કચેરીનો સિક્કો**

7. ઉમેદવારે ઉપયોગમાં લીધેલ (જવાબવહી નંબર) ______________________________

**8. ઉમેદવારને પ્રાયોગિક વિષયોમાં 'ગેરહાજર' દર્શાવવામાં આવ્યો હોય તો નીચેની વિગતો ખાસ દર્શાવવી.**

પ્રાયોગિક પરીક્ષાનું કેન્દ્ર ______________________ કેન્દ્ર નંબર ______________________

પ્રાયોગિક પરીક્ષાનું સ્થળ ______________________

પ્રાયોગિક પરીક્ષામાં હાજર હોવા છતાં ગેરહાજર દર્શાવેલ

______________ વિષયની પરીક્ષા તા. ____________ ની ____________ કલાકની બેચમાં

______________ વિષયની પરીક્ષા તા. ____________ ની ____________ કલાકની બેચમાં

______________ વિષયની પરીક્ષા તા. ____________ ની ____________ કલાકની બેચમાં

______________ વિષયની પરીક્ષા તા. ____________ ની ____________ કલાકની બેચમાં

______________________ શાળામાં ઉપર દર્શાવ્યા મુજબ પરીક્ષા આપી છે / આપવાની હતી, પરંતુ પ્રતિકૂળતાના કારણે ઉપરોક્ત નિર્ધારિત પ્રોગ્રામમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવ્યો હતો.

______________ વિષયની પરીક્ષા તા. ____________ ની ____________ કલાકની બેચમાં

______________ વિષયની પરીક્ષા તા. ____________ ની ____________ કલાકની બેચમાં

______________ વિષયની પરીક્ષા તા. ____________ ની ____________ કલાકની બેચમાં

**9. આ અરજી સાથે ઉમેદવારનું અસલ ગુણપત્રક જોડવાનું રહેશે. ફી-રસીદની શાળાના આચાર્યએ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ સામેલ કરવી.**

ઉમેદવારની સહી : ______________________ જાવક નંબર : ______________________

(પ્રવેશિકા મુજબ)

સ્થળ : ______________________ તારીખ : ______________________

આથી હું પ્રમાણિત કરું છું કે ઉપરોક્ત જણાવેલ વિગતોની મેં ચકાસણી કરી છે જે શાળાના દફતરની નોંધ મુજબ સાચી છે.

ધો. 12ની પરીક્ષા માટેનો શાળાનો ઇન્ડેક્ષ નંબર | | | • | | | | |

**તારીખ :** / /2025 **શાળાના આચાર્યની સહી**

**સ્થળ :** **શાળાનો રબ્બર સ્ટેમ્પ**

**ખાસ નોંધ :** (1) આ ફોર્મ માત્ર નમૂનાનું છે, જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.

(2) અરજી સાથે ઉમેદવારની ફી-રસીદની પ્રમાણિત નકલ જોડવી અનિવાર્ય છે.

(3) ગુણપત્રકની પ્રમાણિત નકલ જોડવી અનિવાર્ય છે.

# પરિશિષ્ટ-4

| વિજ્ઞાન પ્રવાહ | |
|---|---|
| દરખાસ્ત નંબર | |
| | |

## ઉત્તીર્ણ ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારવા પુનઃ ઉપસ્થિત થવા માટેનું અરજીપત્રક

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 29(3) અન્વયે

પ્રતિ,
નાયબ નિયામકશ્રી (પરીક્ષા), તારીખ : / /2025
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર નં. 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના ફેબ્રુ./માર્ચ-2025 વિજ્ઞાન પ્રવાહના નિયમિત ઉત્તીર્ણ ઉમેદવારોએ આગામી મુખ્ય પરીક્ષા આપવા માટે પરિણામ જમા કરાવવા બાબત**

**મે. સાહેબ,**

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુ./માર્ચ-2025માં નીચે જણાવેલા વિષયો સાથે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાનું મેળવેલ પરિણામ જમા કરાવીને બોર્ડ દ્વારા લેવાનાર આગામી મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગું છું.

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ____________________
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ____________________

____________________

____________________ મોબાઈલ નંબર : ____________________

3. ધોરણ 12નો બેઠક નંબર : __________ 4. કેન્દ્ર નંબર : __________ 5. શાળા ક્રમાંક __________
6. **SID NUMBER :** __________ 7. પાસ કર્યાનું વર્ષ : __________ 8. પ્રયત્ન __________

| ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ | ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1. | | | 6. | | |
| 2. | | | 7. | | |
| 3. | | | 8. | | |
| 4. | | | 9. | | |
| 5. | | | 10. | | |

ઉપર મુજબનું ઉત્તીર્ણ થયાનું પરિણામ સ્વીકારવા હું સંમત નથી. તો મારું પરિણામ પરત સ્વીકારી બોર્ડની આગામી મુખ્ય પરીક્ષામાં પુનઃ ઉપસ્થિત થઈ ઉક્ત વિષયો સાથે મારું પરિણામ સુધારવા મંજૂરી આપશો. મને ઉક્ત વિષયોમાં મુક્તિ મળી શકશે નહીં તેમજ હું શાળામાં પુનઃ પ્રવેશ મેળવીશ નહીં અને બોર્ડની હવે પછીની મુખ્ય પરીક્ષામાં જે પરિણામ આવશે તે મને બંધનકર્તા રહેશે.

આ અરજી મેં મારા વાલીની સંમતિથી કરેલ છે. મારા વાલીએ સંમતિ બદલ નીચે તેમની સહી કરેલ છે.

સ્થળ : __________ મોબાઈલ નંબર : __________ ઉમેદવારની સહી __________

ઉપર મુજબની મારા પુત્ર/પુત્રી/પાલ્યની અરજી મારી વિચારણાને અંતે રજૂ કરેલી છે. જેમાં હું સંમતિ દર્શાવું છું.

વાલીની સહી __________

વાલીનું નામ __________

તારીખ : / /2025 મોબાઈલ નંબર __________

જા.નં. ______________________

શાળાનું નામ/પૂરેપૂરું સરનામું ______________________

______________________

પીન કોડ ______________________

શાળાનો ફોન નંબર ______________________

તારીખ : / /2025

પ્રતિ,

નાયબ નિયામકશ્રી (પરીક્ષા),
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
ગાંધીનગર.

આથી હું પ્રમાણિત કરું છું કે, શ્રી ______________________ તેઓના ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વર્ષ, ફેબ્રુ./માર્ચ-2025 ના બેઠક નંબર ____________, SID NO. : ____________નું પરિણામ સુધારા માટે પરિણામ જમા કરાવવાની અરજીમાં જણાવેલ વિગત સાચી છે. તેની મેં પ્રત્યક્ષ ચકાસણી કરી છે અને ઉક્ત ઉમેદવારની લેખિત રજૂઆત મુજબનું તેમનું પરિણામ રદ કરવા ભલામણ કરું છું. મજકુર ઉમેદવારનું અસલ ગુણપત્રક અને અસલ પ્રમાણપત્ર તેમજ L.C.ની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપું છું. ઉક્ત ઉમેદવાર ફેબ્રુ./માર્ચ-2025ની પરીક્ષામાં જ ઉત્તિર્ણ થયેલ છે. જેની ખાતરી આપું છું.

**ધોરણ-12ની પરીક્ષાનો**

**શાળાનો ઈન્ડેક્ષ નંબર :** | | | • | | | | | **પરિણામ જાહેર થયાની તારીખ :** / /2025

**આચાર્યશ્રીનો મોબાઈલ નંબર :** ______________________

**નોંધ :** ઉત્તીર્ણ ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારા માટેનું અરજીપત્રક બોર્ડની કચેરીમાં પરિણામ પ્રસિદ્ધ થયાના 120 Days સુધી જ ઑફિસ સમય દરમિયાન સ્વીકારવામાં આવશે.

**શાળાના આચાર્યશ્રીની સહી તથા સિક્કો**

**નોંધ :** (1) ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ જો ઉમેદવારે ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર મેળવેલ હોય તો અરજી સાથે અવશ્ય સામેલ રાખવું.

(2) શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.

(3) ધોરણ-10 પાસ કર્યાના ગુણપત્રક / પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(4) આ ફોર્મ માત્ર નમૂનાનું છે. જરૂરી નકલ શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ઉત્તીર્ણ ઉમેદવાર પૈકી પરિણામ જમા કરાવવાની અરજી મળેલ છે. દરખાસ્ત નંબર ______________________

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : B ______________________

શાળા ક્રમાંક : ______________________ SID NO. : ______________________

સ્થળ : ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

તારીખ : / /2025

**અરજી સ્વીકારનારની સહી અને કચેરીનો સિક્કો**

# પરિશિષ્ટ-5

## મેળવેલ ગુણતૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક

| વિજ્ઞાન પ્રવાહ | |
|---|---|
| દરખાસ્ત નંબર | |
| | |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 40(4) અન્વયે (અરજી પરિણામ જાહેર થયાની તારીખથી 30 દિવસમાં (ફી વગર) બોર્ડની કચેરીએ સ્વીકારવામાં આવશે.)

પ્રતિ,

નાયબ નિયામકશ્રી (પરીક્ષા),
ગજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર - 10-બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.

સ્થળ :

તારીખ : / / 2025

**વિષય : ફેબ્રુ./માર્ચ-2025ની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં મેળવેલ ગુણની તૂટ ન સ્વીકારવા બાબત**

મે. સાહેબ,

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુ./માર્ચ-2025માં નીચે જણાવેલા વિષયોમાં ખૂટતા ગુણની તૂટ મેળવીને નીચે દર્શાવેલ વિષયો સાથે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ છે.

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ____________________
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ____________________
____________________
____________________ (PIN CODE સહિત) મોબાઈલ નંબર : ____________
3. બેઠક નંબર : ____________ 4. કેન્દ્રનું નામ અને કેન્દ્ર નંબર : ____________

| ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ | ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1. | | | 6. | | |
| 2. | | | 7. | | |
| 3. | | | 8. | | |
| 4. | | | 9. | | |
| 5. | | | 10. | | |

ઉપર મુજબનું ખૂટતા ગુણ સાથેનું ઉત્તિર્ણ થયાનું પરિણામ સ્વીકારવામાં હું સંમત નથી. તો ખૂટતા ગુણની તૂટ રદ કરી સુધારેલ, નાપાસનું પરિણામ જાહેર કરવા વિનંતી.

આ અરજી મેં મારા વાલીની સંમતિથી કરેલ છે. મારા વાલીએ સંમતિ બદલ નીચે તેમની સહી કરેલ છે.

સ્થળ : ____________ ઉમેદવારની સહી ____________

તારીખ : ____________ 2025

ઉપર મુજબની મારા પુત્ર/પુત્રી/પાલ્યની અરજી મારી વિચારણાને અંતે રજૂ કરેલી છે. જેમાં હું સંમતિ દર્શાવું છું.

વાલીની સહી ____________

વાલીનું નામ ____________

---

ગુણતૂટ રદ કરવા માટેની અરજી મળેલ છે. દરખાસ્ત નંબર ............

**નોંધ :** ગુણતૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક બોર્ડની કચેરીમાં 30 દિવસ સુધી ઑફિસ સમય દરમિયાન રૂબરૂમાં સ્વીકારવામાં આવશે.

**અરજી સ્વીકારનારની સહી અને કચેરીનો સિક્કો**

જા.નં. ____________________

શાળાનું નામ સરનામું ____________________

____________________

તારીખ :   /   /2025

પ્રતિ,

નાયબ નિયામકશ્રી (પરીક્ષા),

ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,

ગાંધીનગર.

આથી હું પ્રમાણિત કરું છું કે, ગુણતૂટની અરજી કરનાર ઉમેદવાર ____________________ દ્વારા ઉપરોક્ત જણાવેલ વિગત સાચી છે. તેની મેં પ્રત્યક્ષ ચકાસણી કરી છે અને ઉક્ત ઉમેદવારની લેખિત રજૂઆત મુજબનું તેમનું પરિણામ જાહેર કરવા ભલામણ કરું છું. મજકૂર ઉમેદવારનું ગુણપત્રક અને પ્રમાણપત્ર આ સાથે રાખી મોકલી આપું છું.

ઉમેદવારનો બેઠક નંબર ____________,

ઉમેદવારનો SID NO. : ____________

**ધોરણ-12ની પરીક્ષાનો**

**શાળાનો ઈન્ડેક્ષ નંબર :** | | | • | | | | | **પરિણામ જાહેર થયાની તારીખ :** ____________

**આચાર્યશ્રીનો મોબાઈલ નંબર :** ____________

**શાળાના આચાર્યની સહી તથા સિક્કો**

**નોંધ :** (1) ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ જો ઉમેદવારે ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર મેળવેલ હોય તો અરજી સાથે અવશ્ય રવાના કરવું.

(2) આ ફોર્મ માત્ર નમૂનાનું છે. જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.

# પરિશિષ્ટ-6

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**AB ગ્રૂપમાંથી A કે B ગ્રૂપનો વિકલ્પ આપી પરિણામ મેળવવા માટેનું અરજીપત્રક**

(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના સુધારેલ વિનિયમો (2005) ના વિનિયમ નંબર 40(7) મુજબ)

પ્રતિ,
નાયબ નિયામકશ્રી (પરીક્ષા),
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુ./માર્ચ-2025ના AB ગ્રૂપના ઉમેદવારમાંથી A કે B ગ્રૂપમાં વિકલ્પ આપવા અંગે.**

મે. સાહેબ,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે મારી નીચે દર્શાવેલ વિગતોને ધ્યાનમાં લઈને મને AB ગ્રૂપના બદલે નીચે દર્શાવ્યા મુજબના ગ્રૂપનું પરિણામ આપવા નમ્ર વિનંતી છે.

(1) ઉમેદવારનું નામ : ______________________

(2) બેઠક નંબર : ______________________

(3) SID No. : ______________________

(4) શાળા ઈન્ડેક્ષ નંબર : ______________________

(5) હાલનું ગ્રૂપ AB

(6-A) હાલનું પરિણામ પાસ (Pass) [ ] નાપાસ (Fail) [ ]
(યોગ્ય ખાનામાં ✓ની નિશાની કરવી)

(7) AB ગ્રૂપમાંથી કયા ગ્રૂપ માટે વિકલ્પ આપવો છે : ગ્રૂપ : ______________________
આથી હું બાંહેધરી આપું છું કે, આ વિકલ્પ આપ્યા પછી તેમાં કોઈ ફેરફાર થઈ શકશે નહીં તેની મને જાણ છે.

**તારીખ :** / /2025 **વાલીની સહી** **વિદ્યાર્થીની સહી**

**શાળાના આચાર્યની સહી તથા સિક્કો**

**બિડાણ :**

- અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર અરજી સાથે સામેલ રાખવું.

# પરિશિષ્ટ-7

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,
નાયબ નિયામકશ્રી (પરીક્ષા),
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર 10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, ફેબ્રુ./માર્ચ-2025ના ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ/અટકમાં સુધારો કરવા બાબત.**

| **બેઠક નંબર** | **B** | | | | | | |
|---|---|---|---|---|---|---|---|

**SID NO.** ____________________

જય ભારત સહ જણાવવાનું કે, હું વિજ્ઞાન પ્રવાહ, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના મારા ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવા અરજી કરું છું. મારું અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર આ સાથે સામેલ છે.

(1) સુધારો કરવાની જરૂરી વિગત નીચે પ્રમાણે છે. તમામ વિગતો અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ભરવી.

| ગુણપત્રકમાં જણાવેલી વિગતો (અંગ્રેજીમાં) | | સુધારાની વિગત (અંગ્રેજીમાં) |
|---|---|---|
| અ. અટક (અંગ્રેજીમાં) | ____________ | ____________ |
| બ. નામ (અંગ્રેજીમાં) | ____________ | ____________ |
| ક. પતિ/પિતાનું નામ (અંગ્રેજીમાં) | ____________ | ____________ |

(2) અરજદારના ઘરનું સંપૂર્ણ સરનામું (ગુજરાતી)

મુ. પો. ____________________

તાલુકો : ____________________

પીન કોડ નંબર : ____________________

ફોન નંબર (STD CODE સહિત) : ____________________ મોબાઈલ નંબર : ____________________

**ઉમેદવારની સહી (અચૂક કરવી)**

જા.નં. ______________________

તારીખ ______________________

નકલ રવાના :

આચાર્યશ્રી,

______________________ હાઈસ્કૂલ મારફતે મોકલવું.

| શાળાનો ઈન્ડેક્ષ નંબર | | | • | | | | | વિદ્યાર્થીનો જી.આર. નંબર | |
|---|---|---|---|---|---|---|---|---|---|

શાળાના આચાર્યશ્રીનું નામ :

શાળાના આચાર્યશ્રીનો મોબાઈલ નંબર :

**શાળાના આચાર્યની સહી અને સિક્કો**

## ખાસ નોંધ :

(1) પ્રમાણપત્ર/ગુણપત્રકમાં જણાવેલી વિગતો શાળાના જનરલ રજિસ્ટર તેમજ એલ.સી. સાથે મળતી આવતી હોય તો જ સુધારો કરવામાં આવે છે.

(2) એફીડેવીટ, મ્યુનિસિપલનો દાખલો તેમજ ગેઝેટની નકલ પરથી સુધારો કરવામાં આવતો નથી.

(3) નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. ઉમેદવારનું અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર
2. ધોરણ-12ના એલ.સી.ની પ્રમાણિત કરેલી નકલ.
3. ધોરણ-10ના એલ.સી.ની પ્રમાણિત કરેલી નકલ.
4. એસ.એસ.સી. (ધોરણ-10)ના ગુણપત્રક/પ્રમાણપત્રની પ્રમાણિત કરેલી નકલ.
5. ઉમેદવારની ફી-રસીદની નકલ સામેલ કરવી.
6. પરિણામ પ્રસિદ્ધ થયાના ત્રણ માસમાં નામ સુધારા કરવા માટેની રજૂઆત માટે કોઈ ફી લેવામાં આવતી નથી અને મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર રિ-પ્રિન્ટ કરી આપવામાં આવે છે.
7. સમય-મર્યાદા બહાર (ત્રણ માસ બાદ) નામ સુધારા માટેની રજૂઆતો નિયત નમૂનાના ફોર્મ અને નિયત ફી સાથે બોર્ડ ખાતેના વિદ્યાર્થી સેવા કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે.
8. ફી માટે ‘સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ’નો ગાંધીનગર ખાતે પેયેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ નિયત રકમનો બનાવી સામેલ રાખવો.

# પરિશિષ્ટ-7A

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવા માટે શાળાના વડાએ ભરી મોકલવાનું જાહેરનામું

આથી હું (આચાર્યનું નામ) ____________________

____________________ હાઈસ્કૂલના વડા તરીકે જાહેર કરું છું. અને નીચે પ્રમાણે નિવેદન કરું છું કે..

(1) શાળાનું નામ ____________________

હું ____________________ હાઈસ્કૂલના વડા સદર હું

શાળામાં માહે ____________ વર્ષ ________ થી કામ કરું છું.

(2) શાળાનું જનરલ રજિસ્ટર મેં જાતે તપાસ્યું છે અને ખાતરી કરી છે કે ઉમેદવાર

(ઉમેદવારનું નામ) શ્રી ____________________ ની જનરલ રજિસ્ટરમાં નોંધ નીચે પ્રમાણે છે.

અ. પૂરેપૂરું નામ (અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં)

અટક : ____________________

નામ : ____________________

પિતા/પતિનું નામ : ____________________

બ. જનરલ રજિસ્ટર નંબર : ____________________

(3) આથી પ્રમાણિત કરું છું કે, શાળાના રજિસ્ટરમાં ભરેલી અસલ નોંધમાં અનધિકૃત રીતે કોઈ ફેરફાર કરેલો નથી.

(4) માહે ફેબ્રુ./માર્ચ - 2025 ____________________ની એચ.એસ.સી. પરીક્ષામાં સદર પરીક્ષાર્થીએ બેઠક નંબર ____________ કેન્દ્ર ____________ પર પરીક્ષા આપી છે.

(5) પરીક્ષાના પ્રમાણપત્રો/ગુણપત્રકો તા. ____________ ના રોજ શાળાને મળ્યા હતા.

શાળાના ધોરણ-12નો ઇન્ડેક્ષ નંબર

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | • | | | | |

પત્ર ક્રમાંક :

તારીખ : / /2025

**શાળાના વડાની સહી અને શાળાનો સિક્કો**

GUJCET 2025

# પરિશિષ્ટ-5
# અરજીપત્ર/પ્રવેશપત્ર ગુણપત્રકની વિગતોમાં સુધારો કરવા માટેનું અરજીપત્રક

ઉમેદરવાનું નામ અને સરનામું : ..................................................

..................................................

..................................................

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **અરજીપત્ર નંબર** | | | | | | | | | |
| **બેઠક નંબર** | | | | | | | | | |

ફોન નં. (STD સાથે) ........................

(મો.)..........................................

તા. ..........................................

પ્રતિ,

મદદનીશ સચિવ,
ગુજકેટ સેલ,
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર-382 010

**વિષય : ''ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ-2025'' આવેદનપત્ર/પ્રવેશપત્ર ગુણપત્રકમાં સુધારો કરવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું .......................................................... ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, વિજ્ઞાન પ્રવાહમાં વર્ષ ............ માં ઉત્તીર્ણ થયેલ છું/ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, વિજ્ઞાન પ્રવાહમાં માર્ચ 2025માં ઉપસ્થિત થનાર છું. SID No/Application No. .................. છે. મેં મારું ગુજકેટ રજિસ્ટ્રેશન માટેનું અરજીપત્ર નં. .................................. થી મારી શાળા/સંસ્થા .................................................. શાળા ક્રમાંક ................... થી રજિસ્ટર્ડ કરાવેલ છે, પરંતુ બોર્ડની વેબસાઈટ/શાળા મારફતે મળેલ માહિતી મુજબ નીચેની વિગતોમાં ભૂલ જણાય છે. તો સુધારો કરી આપવા વિનંતી છે.

| અરજીપત્ર કોલમ નં. ........ માં ભૂલની વિગત | સુધારો કરવાની વિગત |
|---|---|
| .................................................. | .............................................. |
| .................................................. | .............................................. |
| .................................................. | .............................................. |
| .................................................. | .............................................. |
| .................................................. | .............................................. |

**નોંધ :**

મારા અરજીપત્રની ઝેરોક્ષ નકલ સામેલ છે. જેમાં અરજીપત્ર ગુણપત્રકની જે વિગતમાં ભૂલ છે તેની નીચે લાલ શાહીવાળી પેન વડે લીટી કરેલ છે. જે ધ્યાને લઈ સુધારો કરી આપવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી ........................

**સામેલ :**

1. ડાઉનલોડ કરેલ અરજીપત્રની ઝેરોક્ષ નકલ
2. પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ. (ફોટામાં સુધારો કરવાનો હોય તો જ)
3. **પ્રવેશપત્રમાં કોઈ સુધારો કરવાનો હોય તો તેની ઝેરોક્ષ નકલ**
4. ગુણપત્રકની નકલ

ક્રમાંક:મઉમશબ/ક/૪૫૩૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સચિવાલય પાસે, સેકટર-૧૦.બી,
ગાંધીનગર. તા.૨૯/૧૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય – ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-૨૦૦૫ના વિનિયમ-૧૬(૧) માં થયેલ સુધારા અન્વયે ધોરણ-10 અને ધોરણ-12 તમામ પ્રવાહ માટે પૂરક પરીક્ષાના વિસ્તૃત નિયમો જાહેર કરવા બાબત.

સંદર્ભ – શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૧૦/૧૭૯૯/છ, તા.૧૦/૧૦/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ધોરણ-10 અને ધોરણ-12 તમામ પ્રવાહના વિદ્યાર્થીઓને જે તે વર્ષની મુખ્ય પરીક્ષા બાદની તુરત જ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની જોગવાઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-૨૦૦૫ ના વિનિયમ-૧૬(૧)માં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૧૦/૧૭૯૯/છ, તા.૧૦/૧૦/૨૦૨૪ થી સુધારો થયેલ છે. જેથી હવેથી ધોરણ-10 અને ધોરણ-12 તમામ પ્રવાહના વિદ્યાર્થીઓને મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈને બંને પરીક્ષા પૈકી જે પરીક્ષાનું પરિણામ શ્રેષ્ઠ **(Best of Two)** હોય તે પ્રાપ્ત કરવાની તક ઉપલબ્ધ થયેલ છે. મુખ્ય પરીક્ષા પછીની તુરત જની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેના વિસ્તૃત નિયમો આ સાથે સામેલ છે. જે આગામી વર્ષ-૨૦૨૫ થી અમલી થશે. જે અંગેની જાણ લાગતાવળગતા શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને કરવા આપશ્રીને જણાવવામાં આવે છે.

(ડી. એસ. પટેલ)
નાયબ અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**<u>બિડાણ</u>** – પૂરક પરીક્ષા માટેના વિસ્તૃત નિયમો

**નકલ સવિનય રવાના :-**

(૧) માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
(૨) ઉપસચિવશ્રી, છ-શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત નિયામક (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૨) સંયુક્ત નિયામક (સંશોધન શાખા), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૩) સચિવ, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૪) નાયબ નિયામક (પરીક્ષા), તમામ શાખાઓ, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા અમલવારી કરવા સારુ.
(૫) સંયુક્ત સચિવ (સંશોધન શાખા), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મેગેઝીનમાં પ્રકાશિત કરવા સારુ.
(૬) એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્ષ, અમદાવાદ તરફ જાણ સારુ.
(૭) એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજ્યુએટ મેડિકલ કોર્ષ, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૮) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજ્ય તાબા હેઠળની શાળાઓને જાણ કરવા સારુ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## વિનિયમ–૨૦૦૫ ના વિનિયમ : ૧૬(૧) ના અમલીકરણ માટેના નિયમો

**(૧) ટૂંકી સંજ્ઞા :-**

આ નિયમો રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધોરણ–10 અને ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહના પરીક્ષાર્થીઓ માટે જે તે વર્ષની મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષાના પરિણામ પૈકી જે પરિણામ શ્રેષ્ઠ **(BEST OF TWO)** હોય તે પ્રસિદ્ધ કરવાના વિસ્તૃત નિયમો કહેવાશે.

**(૨) પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવારોની પાત્રતા :-**

(અ) ધોરણ–10 અને ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ માટે જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારો જે તે વર્ષની પૂરક પરીક્ષા **(BEST OF TWO)** માટે પાત્રતા ધરાવશે અન્યથા ધરાવશે નહિ.

(બ) અનુત્તીર્ણ પરીક્ષાર્થીઓ માટેની પાત્રતા

**(A) નિયમિત–અનુત્તીર્ણ વિદ્યાર્થી (REGULAR FAIL STUDENT)**

મુખ્ય પરીક્ષામાં પ્રથમ વખત ધોરણ–10 અથવા ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થી તરીકે નોંધાયેલ હોય અને ગેરહાજર રહેલ હોય અથવા અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં સુધારણાને અવકાશ **(NEEDS IMPROVEMRNT)** ધરાવતા હોય તેવા ગેરહાજર કે અનુત્તીર્ણ (નાપાસ) વિદ્યાર્થીઓ જે વિષયમાં ગેરહાજર કે અનુત્તીર્ણ હોય તે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષય/વિષયો તથા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષય/વિષયોમાં ઉત્તીર્ણ હોય તેવા તમામ વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે.

**(B) પુનરાવર્તિત–અનુત્તીર્ણ વિદ્યાર્થી (REPEATER FAIL STUDENT)**

જે તે વર્ષની મુખ્ય પરીક્ષા સિવાયના અગાઉના વર્ષોમાં ધોરણ–10 અથવા ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા આપેલ હોય અને જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં પુનરાવર્તિત **(REPEATER)** વિદ્યાર્થી તરીકે નોંધાયેલ હોય અને ગેરહાજર રહેલ હોય અથવા અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં સુધારણાને અવકાશ **(NEEDS IMPROVEMRNT)** ધરાવતાં હોય તેવા અનુત્તીર્ણ વિદ્યાર્થીઓ જે તે વર્ષની પૂરક પરીક્ષા માટે જે વિષયમાં નોંધાયેલ હોય તે વિષયમાં ગેરહાજર/અનુત્તીર્ણ/ઉત્તીર્ણ હોય તેવા પૈકી કોઈ એક અથવા એક થી વધુ અથવા તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષય/વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે.

**(C) નિયમિત ઉત્તીર્ણ વિદ્યાર્થી (REGULAR PASS STUDENT)**

જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં પ્રથમ વખત ધોરણ–10 અથવા ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષામાં નિયમિત **(REGULAR)** વિદ્યાર્થી તરીકે ઉપસ્થિત થઈને પ્રથમ પ્રયાસમાં જ ઉત્તીર્ણ થયેલ હોય અને પોતાના પરિણામને સુધારવા ઈચ્છુક હોય તો તેવા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ વિષયો પૈકી

કોઈ એક અથવા એકથી વધુ અથવા તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષય/વિષયોની પૂરક પરીક્ષા આપી **શકશે.**

**(D) રીપીટર ઉત્તીર્ણ વિદ્યાર્થી (REPEATER PASS STUDENT)**

જે તે વર્ષની મુખ્ય પરીક્ષા સિવાયના અગાઉના વર્ષોમાં પ્રથમ વખત ધોરણ–10 અથવા ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા આપેલ હોય અને જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં પુનરાવર્તિત **(REPEATER)** વિદ્યાર્થી તરીકે નોંધાયેલ હોય અને ઉત્તીર્ણ થયેલ હોય અને પોતાના પરિણામને સુધારવા ઈચ્છુક હોય તેવા વિદ્યાર્થીઓ જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં જે વિષયોમાં ઉપસ્થિત રહેલ હોય તે વિષય/વિષયો માટે એક અથવા એકથી વધુ અથવા તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષય/વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે.

**(૩) મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષા પૈકી શ્રેષ્ઠ પરિણામની ગણતરી (BEST OF TWO) :–**

**(અ) નિયમિત પરીક્ષાર્થીઓ માટે :–**

(૧) મુખ્ય પરીક્ષામાં નિયમિત ઉમેદવાર જો મુખ્ય પરીક્ષામાં તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષયોમાં ગેરહાજર/અનુત્તીર્ણ રહેલ હોય અને પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થાય મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૨) મુખ્ય પરીક્ષાના નિયમિત ઉમેદવાર જો મુખ્ય પરીક્ષામાં અમુક સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા અમુક સૈદ્ધાંતિક અથવા અમુક પ્રાયોગિક વિષય/વિષયોમાં ગેરહાજર/અનુત્તીર્ણ રહેલ અને તે વિષય/વિષયોમાં પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થાય તો મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૩) મુખ્ય પરીક્ષાનો નિયમિત ઉમેદવાર મુખ્ય પરીક્ષામાં તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષયોમાં ઉત્તીર્ણ થયેલ હોય અને પૂરક પરીક્ષામાં એક અથવા એક થી વધુ અથવા તમામ વિષય/વિષયો સાથે ઉપસ્થિત થાય તો મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૪) જે તે વર્ષની મુખ્ય પરીક્ષાના ઉમેદવારે જે તે વર્ષની પૂરક પરીક્ષા માટે નોંધણી કરાવેલ હોય પરંતુ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત ના રહે તો તેવા ઉમેદવારનું પરિણામ મુખ્ય પરીક્ષાના પરિણામ મુજબ જે તે વિષય/વિષયો માટે જાહેર કરવામાં આવશે.

**(બ) પુનરાવર્તિત (રીપીટર) પરીક્ષાર્થીઓ માટે :–**

(૧) મુખ્ય પરીક્ષામાં રીપીટર ઉમેદવાર જો મુખ્ય પરીક્ષામાં તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષયોમાં ગેરહાજર/અનુત્તીર્ણ રહેલ હોય અને પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થાય મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૨) મુખ્ય પરીક્ષાના રીપીટર ઉમેદવાર જો મુખ્ય પરીક્ષામાં અમુક સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા અમુક સૈદ્ધાંતિક અથવા અમુક પ્રાયોગિક વિષય/વિષયોમાં ગેરહાજર/અનુત્તીર્ણ રહેલ અને તે

વિષય/વિષયોમાં પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થાય તો મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૩) મુખ્ય પરીક્ષાનો રીપીટર ઉમેદવાર મુખ્ય પરીક્ષામાં તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષયોમાં ઉત્તીર્ણ થયેલ હોય અને પૂરક પરીક્ષામાં એક અથવા એક થી વધુ અથવા તમામ વિષયો સાથે ઉપસ્થિત થાય તો મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૪) જે તે વર્ષની મુખ્ય પરીક્ષાના ઉમેદવારે જે તે વર્ષની પૂરક પરીક્ષા માટે નોંધણી કરાવેલ હોય પરંતુ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત ના રહે તો તેવા ઉમેદવારનું પરિણામ મુખ્ય પરીક્ષાના પરિણામ મુજબ જે તે વિષય/વિષયો માટે જાહેર કરવામાં આવશે.

**(ક) મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં નોંધાયેલ વિદ્યાર્થીઓને ગુણપત્રકમાં ગુણ દર્શાવવાની રીત :–**

(૧) વિદ્યાર્થી મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ગેરહાજર હોય અને તે પૂરક પરીક્ષામાં હાજર હોય તો તે વિષય/વિષયોમાં વિદ્યાર્થીએ પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ ધ્યાને લઈને મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ તેમજ બંને પરીક્ષા પૈકીના મહત્તમ ગુણ **(BEST OF TWO)** દર્શાવતું સંયુક્ત ગુણપત્રક મળશે.

(૨) વિદ્યાર્થી મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં હાજર હોય અને તે પૂરક પરીક્ષામાં ગેરહાજર હોય તો તે વિષય/વિષયોમાં વિદ્યાર્થીએ મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણ ધ્યાને લઈને મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ તેમજ બંને પરીક્ષા પૈકીના મહત્તમ ગુણ **(BEST OF TWO)** દર્શાવતું સંયુક્ત ગુણપત્રક મળશે.

(૩) વિદ્યાર્થી મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ગેરહાજર હોય અને તે પૂરક પરીક્ષામાં ગેરહાજર હોય તો તે વિષય/વિષયોમાં મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં ગેરહાજર તેમજ બંને પરીક્ષા પૈકીના મહત્તમ ગુણ **(BEST OF TWO)** માં ગેરહાજર દર્શાવતું સંયુક્ત ગુણપત્રક મળશે.

(૪) વિદ્યાર્થી મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં હાજર હોય અને તે પૂરક પરીક્ષામાં હાજર હોય તો તે વિષય/વિષયોમાં વિદ્યાર્થીએ મુખ્ય પરીક્ષા અને પૂરકમાં મેળવેલ તેમજ બંને પરીક્ષા પૈકીના મહત્તમ ગુણ **(BEST OF TWO)** દર્શાવતું સંયુક્ત ગુણપત્રક મળશે.

**(૪) પ્રકીર્ણ :–**

**(૧) મુખ્ય પરીક્ષાનું પરિણામ ઓનલાઈન જાહેર થયા બાદ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગે અખબારી યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**(૨) મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ પૂરક પરીક્ષાના આવેદન કરેલ ન હોય તેવા ઉમેદવાર કોઈપણ સંજોગોમાં પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહીં.**

**(૩) મુખ્ય પરીક્ષાના આવેદનપત્રો જે શાળામાંથી ભરવામાં આવ્યા છે તે જ શાળા દ્વારા પૂરક પરીક્ષાના આવેદન કરી શકાશે. તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. બોર્ડની સૂચના બાદ શાળાએ પૂરક પરીક્ષા અંગે આવેદન કરવાની કાર્યવાહી ચોકસાઈપૂર્વક નિયત સમયમાં હાથ ધરવાની રહેશે.**

**(૪) ધોરણ–10 અને ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/ વ્યવસાયલક્ષી પ્રવાહ માટે પૂરક પરીક્ષાના પરિણામની જાહેરાત બાદ વિષય/વિષયોની માત્ર ગુણચકાસણી માટેની અરજી સ્વીકારવામાં આવશે.**

**(૫) આ પેટા નિયમો સંદર્ભે અર્થઘટન બાબતે બોર્ડના અધ્યક્ષશ્રીનો નિર્ણય આખરી રહેશે.**